લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ
રાહત દરે કેરોસીન વિતરણ તથા
LPG/PNG ધારકોની યાદી અદ્યતન
કરી પારદર્શિતા લાવવા બાબત...

અન્ન અને નાગરિક પુરવઠા નિયામકની કચેરી,
બ્લોક નં.૧૩, ૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ક્રમાંક:અતલ/કસન/વિતરણ–પારદર્શિતા/૨૯૧/૨૦૧૨
તારીખ: ૦૮/૧૧/૨૦૧૨

**પરિપત્ર** :–

અન્ન સલામતી માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબ કુટુંબોને રાહત દરે અનાજનું વિતરણ કરવામાં આવે છે. ઉપરાંત LPG/PNG કનેકશન નહી ધરાવતાં રેશનકાર્ડ ધારકોને રાહત દરના કેરોસીનની પણ ફાળવણી કરવામાં આવે છે. જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શી અને અસરકારક બનાવવા માટે વર્ષ ૨૦૧૦થી કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ યોજના હેઠળ બારકોડેડ રેશનકાર્ડ તેમજ બાયો મેટ્રીક ફુડ કુપનની યોજના પણ અમલમાં મુકવામાં આવેલ છે.

PDS Transparency Portal એટલે કે (dcs-dof. gujarat. gov. in/ live-info.htm) ઉપર વાજબી ભાવની દુકાનના વિસ્તાર દીઠ રેશનકાર્ડ ધારકોની યાદી મુકવામાં આવેલ છે. જેમાં કાર્ડ ધારકોનું નામ, સરનામું, કાર્ડની કેટેગરી, કુટુંબના સભ્યોની સંખ્યા ઉપરાંત LPG/PNG નું સ્ટેટસ અને તેઓ કેરોસીન મેળવે છે કેમ, તેવી તમામ વિગતો મુકવામાં આવેલ છે.

વધુમાં જિલ્લાવાર LPG વિતરક એજન્સીઓ તેમજ PNG કંપનીઓ હસ્તકના તમામ LPG/PNG કનેકશન ધારકોની યાદી પણ ઉપરોકત પારદર્શીતા પોર્ટલ ઉપર મુકવામાં આવેલ છે.

સપ્ટેમ્બર–૨૦૧૨માં ભારત સરકારે ઘર વપરાશ માટેના LPG કનેકશન ધરાવતા ગ્રાહકોને વર્ષ દરમ્યાન વધુમાં વધુ ૬ LPG રીફીલ રાહત દરે મળવાપાત્ર છે, તેવી નીતિ વિષયક જાહેરાત કરેલ છે. રાહત દરના LPG સીલેન્ડર(ડોમેસ્ટીક) તેમજ રાહત દરના કેરોસીન વિતરણની કામગીરી વધુ અસરકારક અને સુનિશ્ચિત બનાવવાના હેતુસર નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

**LPG વિતરક એજન્સીઓ તેમજ PNG કંપનીઓએ અનુસરવાની કાર્ય પધ્ધતિ.** :–

અગાઉ જણાવ્યા અનુસાર PDS Portal "dcs-dof.gujarat.gov.in/live-info.htm" ઉપર LPG વિતરક અને PNG કંપની દીઠ કનેકશન ધારકોની વિગતો મુકવામાં આવેલ છે. આ વિગતોને અદ્યતન બનાવવા માટે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓએ LPG વિતરક/PNG કંપની દીઠ, User Name અને Password મેળવી આપવા માટે જરુરી ફોર્મ ભરાવડાવીને NIC ના DIO ને અરજી કરવાની રહેશે. LPGના વિતરકો આવશ્યક ચીજ વસ્તુ અિધિનિયમ હેઠળ પરવાના ધરાવતા હોવાથી, લાયસન્સ કંટ્રોલ ઓર્ડર–૧૯૮૧ની જોગવાઈ હેઠળ રાજય સરકારના તા.૩/૧૦/૧૨ના નોટીફીકેશન મુજબ LPGના વિતરકોએ ગેસ કનેકશન ધારકોના પુરેપુરા નામ – અટક, પોતાનું નામ, પિતા/પતિનું નામ એ ક્રમમાં લખવાના રહેશે. તેમજ ટેલીફોન/મોબાઈલ ફોન નંબર સહિત ગ્રાહકોના પુરપુરા સરનામાની વિગતો આ વિભાગ હસ્તકના પોર્ટલ "ipds.gujarat.gov.in" ઉપર અદ્યતન કરવાની રહેશે.

PNG એજન્સીઓના સંદર્ભમાં સબંધિત જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ PNG કંપનીઓના અધિકારીશ્રીઓનો સંપર્ક સાધી તેઓને User Name અને Password આપી PNG કનેકશન ધારકોની વિગતો વિભાગના પોર્ટલ "ipds.gujarat.gov.in" ઉપર અદ્યતન કરવા માટે જરુરી વિનંતી પત્રો પાઠવવાના રહેશે અને સમયાંતરે તેઓની કામગીરીની સમીક્ષા હાથ ધરવાની રહેશે.

LPG વિતરકો તેમજ PNG કંપનીઓના તમામ કનેકશન ધારકોની અદ્યતન વિગતો ઉપલબ્ધ થયેથી વાજબી ભાવની દુકાન વિસ્તાર દીઠ કેરોસીન મેળવતાં રેશનકાર્ડ ધારકોની યાદીને અદ્યતન બનાવવામાં આવશે. આથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહત દરના કેરોસીન વિતરકોની કામગીરીને વધુ અસરકારક બનાવવાની કામગીરીમાં સૌએ સહકાર આપવા વિનંતી છે.

નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી.

પ્રતિ,
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
નિયંત્રકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા, અમદાવાદ શહેર.
સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.